"પહેલા પોલિયો અને હવે મીઝલ્સ - રૂબેલાનો વારો"

# સુરત મહાનગરપાલિકા

## સ્વચ્છ ભારત મિશન

## જાહેર નોટિસ

સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ અંતર્ગત ૫૦ કિલો થી વધુ કચરો ઉત્પન્ન કરનાર સંસ્થાઓ દ્વારા કચરાના નિકાલની વ્યવસ્થા, સંસ્થાએ જ કરવાની રહેશે તથા કચરાનું તેના ઉત્પત્તિ સ્થાનેથી વર્ગીકરણ કરી જૈવિક કચરાનું સ્થળ ઉપર જ પ્રોસેસિંગ કરવાનું ફરજિયાત કરવામાં આવેલ છે. જે મુજબ હોટેલ-રેસ્ટોરન્ટ, કોલેજ-હોસ્ટેલ મેસ, ૨૦૦૦૦ ચો.મી. થી વધુ ક્ષેત્રફળ ધરાવતી રહેણાંક સોસાયટીઓમાં ઓનસાઈટ કોમ્પોસ્ટિંગની પ્રક્રિયા ફરજિયાત બનાવવામાં આવી છે. સુરત મહાનગરપાલિકાની માસિક સાધારણ સભાના ઠરાવ નં. ૯૧૦/૨૦૧૬ના પરિશિષ્ટ - ૧.૮ "સ્વર્ણિમ સુરત" યોજનાના ભાગ-૨ની પર્યાવરણલક્ષી તથા સ્વચ્છતાલક્ષી સુવિધા : ઓર્ગેનિક વેસ્ટ કનવર્ટર (OWC) મુજબ -

- ૫૦૦૦ ચો.મી. થી ઓછા વિસ્તારવાળી રહેણાંક સોસાયટીને ઓર્ગેનિક વેસ્ટ કનવર્ટર (OWC) ની સુવિધા માટે સુરત મહાનગરપાલિકા દ્વારા ૧૦૦% સબસીડી આપવામાં આવશે.
- ૫૦૦૦ થી ૨૦,૦૦૦ ચો.મી. વિસ્તારની હયાત વસવાટવાળી રહેણાંક સોસાયટીઓને ઓર્ગેનિક વેસ્ટ કનવર્ટર (OWC) ની સુવિધા માટે સુરત મહાનગરપાલિકા દ્વારા ૫૦% સબસીડી આપવામાં આવશે.
- સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ મુજબ સદર બાબત ફરજિયાત હોવાથી ૨૦,૦૦૦ ચો.મી. થી વધુ વિસ્તારની સોસાયટી દ્વારા ઓર્ગેનિક વેસ્ટ કનવર્ટર (OWC) ની વ્યવસ્થા સંબંધિત સોસાયટીએ ૧૦૦% સ્વખર્ચે ફરજિયાત ઉભી કરવાની રહેશે.

નં. પીઆરઓ/૨૯૧/૨૦૧૮-૧૯
તા. ૨૨/૮/૨૦૧૮

ડે. કમિશનર (હેલ્થ અને હોસ્પિટલ)
સુરત મહાનગરપાલિકા